
# પ્રેમ કરો બાર પર્વ આરાધના

પ્રકાશક
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ
ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
શંખેશ્વર






# દિવાળી પર્વ




પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો
# બાર પર્વ આરાધના

## શ્રી દિવાળી પર્વ આરાધના સંગ્રહ


પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.


ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫; ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા પ.પૂ. આચાર્ય **ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા ૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


આવૃતિ : પ્રથમ

નકલ : ૧૦૦૦

ટાઈપસેટીંગ : જૈનમ્ ગ્રાફીક્સ,
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

પ્રાપ્તિસ્થાન : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર
જૈન ટ્રસ્ટ - શંખેશ્વર

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

**બીજ પર્વ :**

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

**જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :**

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ- ્ત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રામ કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

**ચૌમાસી પર્વ :**

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

**પર્વ પર્યુષણ આરાધના પર્વ :**

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

**નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :**

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

**શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.**

**(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)**

# અનુક્રમણિકા



| નામ | પેજનંબર |
|---|---|
| ❑ દિવાળીના દેવવંદન | ૧ થી ૧૦ |
| ❑ દિવાળીના ચૈત્યવંદન | ૧૧ થી ૧૩ |
| ❑ દિવાળી પર્વની સ્તુતિઓ | ૧૩ થી ૧૬ |
| ❑ દિવાળીના સ્તવન | ૧૬ થી ૨૧ |
| ❑ શ્રી મહાવીરસ્વામીનું સ્તવન | ૨૨ |
| ❑ ગૌતમસ્વામિનું સ્તવન | ૨૩ થી ૨૫ |
| ❑ દિવાળીની ૧૦ ઢાળનું સ્તવન | ૨૫ થી ૪૨ |
| ❑ શ્રી ગૌતમસ્વામી વિલાપ સ્તવન | ૪૩ થી ૪૫ |
| ❑ શ્રી ગૌતમસ્વામી વિલાપની સજ્ઝાય | ૪૫ થી ૪૭ |
| ❑ શ્રી દિવાળી પર્વ સજ્ઝાય | ૪૭ થી ૪૮ |
| | |
| | |
| | |
| | |
| | |

# દિવાળી પર્વ આરાધના સંગ્રહ

## દીવાળીનું ગણણું

૧. ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાય નમઃ
૨. ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામી પારંગતાય નમઃ
૩. ૐ હ્રીઁ શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ
દરેક પદની વીશ (૨૦) નવકારવાળી ગણવી.

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત
## દીવાળીનાં દેવવંદન

સ્થાપનાચાર્ય આગળ નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઈરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

**વીર જિનવર વીર જિનવર, ચરમ ચૌમાસ, નચરી અપાપાયેઆવીયા ॥ હસ્તિપાલ રાજન્ સભાએ કાર્તિક અમાવસ્યા રયણિયે ॥**
**મુહૂર્ત શેષ નિર્વાણ તાંહિ ॥**
**સોલ પહોર દેઈ દેશના, પહોત્યા મુક્તિ મોઝાર ॥**
**નિત્ય દીવાલી નય કહે, મલિયા નૃપતિ અઢાર ॥૧॥**

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી સેવણા આભવમખંડા સુધી અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી બીજું ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે.

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

**દેવ મલિયા દેવ મલિયા, કરે ઉત્સવ રંગ મેરઈયાં હાથે ગ્રહી ॥**
**દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો, ભાવ ઉદ્યોત જિનેંદ્રને ॥**
**ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો ॥**
**લખકોડી છઠ્ઠફલ કરી, કલ્યાણક કરો એહ ॥**
**કવિ નયવિમલ કહે ઈસ્યું, ધન ધન દહાડો તેહ ॥૨॥**

પછી જ કિંચિ૦ કહી અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્૦ કહી પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ. અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી.

પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્૦ કહી ચોથી થોય કહેવી તે ચોથી થોયો આ પ્રમાણે.

## પ્રથમ થોયનો જોડો

મનોહર મૂર્તિ મહાવીર તણી,
જિને સોલ પહોર દેશના પભણી,
નવ મલ્લિ નવ લચ્છિ નરપતિ સુણી
કહે શિવ પામ્યા ત્રિભુવન તણી ॥૧॥
શિવ પામ્યા ઋષભ ચઉદસ ભક્તે,
બાવીસ લહ્યા શિવ માસ તિથે,
છટ્ઠે શિવ પામ્યા વીર વલી,
કાર્તિક અમાવાસ્યા નિર્મલી ॥૨॥
આગામી ભાવિ ભાવ કહ્યા,
દિવાળી કલ્પે જેહ લહ્યા,
પુન્ય-પાપ ફલ અજ્ઝયણે કહ્યા,
સવિ તહત્તિ કરીને સદ્દહ્યા ॥૩॥
સવિ દેવ મલી ઉદ્યોત કરે,
પ્રભાતે ગૌતમ જ્ઞાન વરે,
જ્ઞાનવિમલ ગુણ સદા વિસ્તરે
જિનશાસનમાં જયકાર કરે ॥૪॥

## દ્વિતીય થોયનો જોડો

જયજય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક જેહની સારે સેવ ॥ ...૧

કરુણા રસ કંદો, વંદો આણંદ આણી ॥
ત્રિશલાસુત સુંદર, ગુણમણિ કેરો ખાણી ॥
જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે ॥ ..૨
પણ સ્થાવર નારક,તેહને, પણ સુખ થાવે ॥
તે ચ્યવન જનમ વ્રત,નાણ અને નિર્વાણ ॥
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ ॥ ..૩
જિહાં પંચ સમિતિ યુત, પંચમહાવ્રત સાર ॥
જેમાં પરકાશ્યા, વલિ પાંચે વ્યવહાર ॥ ..૪
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞને પાર ॥
એહપંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર ॥ ..૫
માતંગસિદ્ધાઈ, દેવી જિનપદ સેવી ॥
દુઃખ દુરિતઉપદ્રવ, જ ટાલે નિતમેવી ॥
શાસન સુખદાઈ, આઈ સુણો અરદાશ ॥
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વંછિત આશ ॥

બેસી નમુત્થુણં૦ જાવંતિચેઈઆંઈ૦
ખમાસમણ૦ દઈ જાવંત કેવિસાહૂ૦
નમોઽર્હત્૦

કહી સ્તવન કહેવું. તે સ્તવન આ પ્રમાણે.

## ॥ શ્રી મહાવીરજિન સ્તવન ॥

## ॥ આજ સખી શંખેશ્વરો ॥ એદેશી ॥

શ્રી મહાવીર મનોહરૂં, પ્રણમું શિવ નામી ॥
કંથ જશોદા નારીનો, જિન શિવગતિ ગામી ॥૧॥
ભગિની જાસ સુદંસણા, નંદિવર્ધન ભાઈ ॥
હરિલંછન હેજાલુઓ, સહુ કોને સુખદાયી ॥૨॥
સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે ॥ નંદન
ત્રિશલા દેવીનો, ત્રિભુવન મન મોહે ॥૩॥
એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે ॥
પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે ॥૪॥
ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર ॥ સોલ
પહોર દીયે દેશના, કરે ભવિ ઉપગાર ॥૫॥
સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી ॥
યોગનિરોધ કરે તિહાં, શિવની નીસરણી ॥૬॥
ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા જોગે શુભ આવે ॥
અજરામરપદ પામીયા, જયજય રવ થાવે ॥૭॥
ચોસઠ સુરવર આવીયા, જિનઅંગ પખાલી ॥
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાલી ॥૮॥
લાખ કોડી ફલ પામીયે, જિન ધ્યાને રહીયે ॥
ધીર વિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહીએ ॥૯॥

પછી અર્દ્ધા જયવીયરાય કહેવા.

પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી ત્રીજું ચૈત્યવંદન કહેવું તે આ પ્રમાણે.

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

**શ્રી સિદ્ધાર્થ નૃપકુલતિલો, ત્રિશલા જસ માત ॥**
**હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત ॥**
**ત્રીશ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમભાર ॥**
**બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર ॥**
**ત્રીશ વરસ એમ સવિ મલી એ, બહોતેર આયુપ્રમાણ ॥**
**દિવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણ ખાણ ॥૩॥**

॥ઈતિ શ્રી મહાવીર સ્વામિ દેવવંદન ॥

## ॥ શ્રી ગૌતમસ્વામિ દેવવંદન ॥

આ બીજા દેવવંદનમાં પણ પ્રથમ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી પ્રથમ ચૈત્યવંદન કહેવું વિગેરે પ્રથમના દેવવંદનની જેમ સર્વ વિધિ કરવી.

## ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

**નમો ગણધર નમો ગણધર, લબ્ધિ ભંડાર ॥**
**ઈંદ્રભૂતિ મહિમા નિલો, વડ વજીર મહાવીર કેરો ॥**
**ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યાર માંહે વડેરો ॥**

**કેવલજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત ॥**
**જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત ॥૧॥**

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

**ઈંદ્રભૂતિ પહેલો ભણું, ગૌતમ જસ નામ ॥**
**ગોબર ગામે ઉપન્યા, વિદ્યાનાં ધામ પંચ સયા પરિવારશું,**
**લેઈ સંયમ ભાર ॥**
**વરસ પચાસગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ ॥**
**બાર વરસ કેવલ વર્યાએ, બાણું વરસ સવિ આય ॥**
**નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય ॥**

## ॥ પ્રથમ સ્તુતિ ॥

ઈંદ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા ॥
પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા ॥૧॥
ચઉ અઠ દશ દોય જિનને સ્તવે, દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂરવે ॥
સંભવ આદિ અષ્ટાપદ ગિરિયેવલી, જે ગૌતમ વદે લળી લળી ॥૨॥
ત્રિપદી પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભરી ॥
દીયે દીક્ષા તે લહે કેવલસિરિ, તે ગૌતમને રહું અનુસરી ॥૩॥
જક્ષ માતંગને સિદ્ધાયિકા, સૂરિ શાસનની પર ભાવિકા ॥
શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલમાલિકા ॥૪॥

## ॥ દ્વિતીય સ્તુતિ ॥

શ્રી ઈંદ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં, શ્રી વીરતીર્થાધિપમુખ્ય શિષ્યમ્ ॥
સુવર્ણકાંતિં કૃતકર્મશાંતિ, નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્ ॥૧॥
તીર્થંકરા ધર્મધુરા-ધુરીણા, યે ભૂતભાવિપ્રતિવર્તમાનઃ ॥
સત્ પંચકલ્યાણકવાસરસ્થા, દિશંતુ તે મંગલમાલિકાં ચ ॥૨॥
જિનેંદ્રવાક્યં પ્રથિતપ્રભાવં, કર્માષ્ટકાનેકપ્રભેદસિંહમ્ ॥
આરાધિતં શુદ્ધમુનીન્દ્રવર્ગે - ર્જગત્યમેવં જયતાત્ નિતાંતમ્ ॥૩॥
સમ્યગ્દશાં વિઘ્નહરા ભવતું, માતંગયક્ષાઃ સુરનાયકાશ્ચ ॥
દીપાલિકા પર્વણિ સુપ્રસન્ના શ્રીજ્ઞાનસૂરિવરદાયકાશ્ચ ॥૪॥

## ॥ સ્તવન ॥

### ॥ તુંગીયા ગિરિ શિખર સોહે ॥
### વીર મધુરી વાણી ભાખે, જલધિજલ ગંભીર રે ॥

ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીર રે ॥વીર૦॥૧॥
પંચભૂત થકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે ॥
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે ॥ વીર૦॥૨॥
વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે ॥
વિજ્ઞાનઘન પદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે ॥વીર૦॥૩॥
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે ॥
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે ॥વીર૦ ॥૪॥
જિહાં જેહવી વસ્તુદેખિએ, હોય તેહવું જ્ઞાન રે ॥
પૂરવ જ્ઞાન વિપર્યયથી. હોય ઉત્તમ જ્ઞાન રે ॥વીર૦॥૫॥

એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે ।।
ઈણિપરેં ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે ।।વીર૦।।૬।।
દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમ સ્વામિ રે ।।
અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કરે પ્રણામ રે ।।વીર૦।।૭।।

## ।। દ્વિતીય સ્તવન ।।

દુઃખહરણી દીપાલીકા રે લાલ, પરવ થયું જગમાંહિ ।।
**ભવિપ્રાણી રે ।।**
વીર નિર્વાણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાહિ ।।ભવિ૦૧।।
**સમકિત દૃષ્ટિ સાંભલો રે લોલ,**
સ્યાદ્વાદ ઘર ધોલીએ રે લાલ, દર્શનની કરી શુદ્ધિ ।।ભવિ૦
ચારિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ, ટાલો (રજ) દુઃકર્મબુદ્ધિ
।। ભવિ૦૨।।સમ૦।।
સેવા કરો જિનરાયની રે લાલ, દિલ દીઠાં મિઠાશ ।।ભવિ૦।।
વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પક્વાનની રાશિ
।।ભવિ૦।।૩।।
ગુણિજન પદની નામના રે લાલ, તેહિજ જુહાર ભટ્ટાર
।।ભવિ૦।। વિવેક રતન મેરઈયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર
।।ભવિ૦।।૪।।સમ૦।।
સુમતિ સુવનિતા હેજશું રે લાલ, મન ઘરમાં કરો વાસ ।।ભવિ૦।।
વિરતિ સાહેલી  સાથશું રે લાલ, અવિરતિ અલચ્છી નિકાસ।।
ભવિ૦।।૫।।સમ૦।।

મૈત્રાદિકની ચિંતના રે લાલ, તેહ ભલા શણગાર ॥ભવિ૦॥
દર્શન ગુણ વાધા બન્યારે લાલ, પરિમલ પર ઉપગાર
॥ભવિ૦॥૬॥સમ૦॥

પૂર્વસિદ્ધ કન્યા પખેરે લાલ, જાનઈયા અણગાર ॥ભવિ૦॥
સિદ્ધશિલા વર વેદિકારે લાલ, કન્યા નિવૃત્તિ સાર
॥ભવિ૦॥૭॥સમ૦

અનંત ચતુષ્ટ્ય દાયજો રે લાલ, શુદ્ધા યોગ નિરોધ ॥ભવિ૦॥
પાણિગ્રહણપ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ
॥ભવિ૦॥૮॥સમ૦॥

ઈણ પરેં પર્વદીપાલિકા રે લાલ, કરતાં કોડિ કલ્યાણ ॥ભવિ૦॥
જ્ઞાનવિમલપ્રભુ ભક્તિ શું રે લાલ, પ્રગટસકલ ગુણ ખાણ
॥ભવિ૦॥૯॥સમ૦

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

**જીવકેરા, જીવકેરો, અછે મનમાંહી ॥**
**સંશય વેદ પદે કરી, અર્થ અભિમાન વાર્યો ॥**
**શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો ॥**
**ત્રિપદી પામી ગુંથીયા, પૂરવ ચઉદઉદાર ॥**
**નય કહે તેમના નામથી, હોયે જય જયકાર ॥૩॥**

પછી જંકિંચિં૦ નમુત્થું૦ કહી પુરા જયવીયરાય કહેવા ॥

## ॥ શ્રી દિવાળી દેવવંદન સમાપ્ત ॥

## શ્રી દીવાળી પર્વના ચૈત્યવંદનાદિ સંગ્રહ

## શ્રી દીવાળી પર્વના ચૈત્યચયવંદનો

### (૧)

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા;
સોલ પહોર દીયે દેશના, ભવિ જીવને તાર્યા. ૧
ભૂપ અઢાર ભાવે સુણે, અમૃત જીસી વાણી;
દેશના દીએ રયણીએ, પરણ્યા શિવરાણી. ૨
રાય ઉઠી દીવા કરે, અજવાળાને હેતે;
અમાવસ્યા તે કહી, વલી દીવાળી કીજે. ૩
મેરૂ થકી આવ્યા ઈંદ્ર, હાથે લઈ દીવો;
મેરઈયા દિન સફલ કરી, લોક કહે ચિરં જીવો. ૪
કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે;
જાપ જપો જિનરાજનો, પાતિક સવિ છીજે. ૫
બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવળજ્ઞાન;
બાર સહસ ગુણણું ગણો, ઘર હોશે ક્રોડ કલ્યાણ. ૬
સુરનર કિન્નર સહુ મલી, ગૌતમને આપે;
ભટ્ટારક પદવી દેઈ, સહુ સાખે થાપે. ૭
જુહારક ભટ્ટારક થકી, લોક કરે જુહાર;
બેને ભાઈ જમાડીયો, નંદિવર્ધન સાર. ૮
ભાઈબીજ તિહાં થકી, વીરતણો અધિકાર;
જયવિજય ગુરુ સંપદા, મુજને દીયો મનોહાર. ૯

## (૨)

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી;
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંતસમયે વિસારી. ૧
દેવશર્મા પ્રતિબોધવા, મોકલ્યો મુજને સ્વામ;
વિશ્વાસી પ્રભુ વીરજી, છેતર્યો મુજને આમ. ૨
હાં હાં વીર આ શું કર્યું ? ભરતમાં અંધારૂં;
કુમતિ મિથ્યાત્ત્વીવધી જશે, કુણ કરશે અજવાળું. ૩
નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરાધાર;
ઈમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુની ધાર. ૪
કોણ વીર ને કોણ તું ? જાણી એહવો વિચાર;
ક્ષપકશ્રેણી આરોહતા, પ્રભુ પામ્યા કેવલ સાર. ૫
વીર પ્રભુ મોક્ષે ગયા એ, દિવાળી દિન જાણ;
ઓચ્છવ રંગ વધામણાં, જસ નામે કલ્યાણ. ૬

## (૩)

ચરમ ચોમાસુ વીરજી, પાવાપુરી નયરી;
મુનિવર વૃંદે આવીયા,જિત અંતર વયરી. (૧)
દેશ અઢારનાં નરપતિ, વંદે પ્રભુ પાયા;
સોળ પહોરની દેશના, દિધી શ્રી જિનરાયા. (૨)
પુન્ય-પાપ ફલ કેરડા, પંચાવન ભાખ્યા;
છત્રીશ અણપુચ્છયાવલી, અજ્ઝયણા દાખ્યા. (૩)
પ્રધાન અધ્યયન ભાવતા, પ્રભુ પામ્યા નિરવાણ;
કાર્તિક અમાસને દહાડલે, પણ અક્ષર માન. (૪)

ગણરાયે દિવા કર્યા, દ્રવ્ય ઉદ્યોતને કાજ;
દિવાળીને દિવસ થકી, પ્રગટી પુન્યસમાજ. (૫)
ઉત્તમ ગુરુ ગૌતમ ભણીએ, ઉપન્યુ કેવલનાણ;
પદ્મવિજય કહે મોટકો, એહ પરમ કલ્યાણ. (૬)

## દિવાળી પર્વ સ્તુતિઓ (૧)

પાપાયાં પુરી ચારુ ષષ્ઠ તપસા પર્યંક પર્યાસન;
ક્ષ્માપાલ પ્રભુ હસ્તિપાલ વિપુલ શ્રી શુક્લ શાલાં ગતઃ;
ગોસે કાર્તિક દર્શનાગકરણે તુર્યારકાન્તે શુભે,
સ્વાતૌ યઃ શિવમાપ પાપરહિતં સંસ્તૌમિ વીરં જિનમ્ ૧
યદ્ ગર્ભાગમનોદ્ભવ વ્રતવર જ્ઞાનાપ્તિ ભદ્ર ક્ષણે,
સંભૂયાશુ સુપર્વ સંતતિ રહો ચક્રે મહસ્તત્ક્ષણાત્,
શ્રીમન્નાભિભવાદિ વીર ચરમાસ્તે શ્રી જિનાધીશ્વરા,
સંઘાયા નઘ ચેતસે વિદધતાં શ્રેયાંસ્યનેનાંસિ ચ ૨
અર્થાત્ પૂર્વમિદં જગાદ જિનપઃ શ્રી વર્ધમાનાભિધઃ
તત્પશ્ચાદ્ ગણનાયકા વીરચયાચક્રુસ્તરાં સૂત્રતઃ
શ્રીમત્તીર્થ સમર્થ નૈક સમયે,સમ્યગ્દશાં ભૂસ્પૃશાં
ભૂયાદ્ ભાવુકકારકં પ્રવચનં ચેતશ્ચમત્કારિ યત્ ૩
શ્રી તીર્થાધિપ તીર્થ ભાવનપરા, સિદ્ધાયિકા દેવતા,
ચંચત્ચક્રધરા સુરાસુરનતા પાયાદસૌ સર્વદા,
અર્હચ્છ્રી જિન ચન્દ્રગીઃ સુમતિ તો ભવ્યાત્મનઃ પ્રાણીનો
યા ચક્રેડવમકષ્ટ હસ્તિ મથને, શાર્દુલ વિક્રીડિતમ્ ૪

## (૨)

શાસનનાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર
હરિલંછન જસ ધીર,
જેહના ગૌતગ સ્વામી વજીર, મદન સુભટગંજન વડવીર
સાયર પેરે ગંભીર;
કાર્તિક અમાવસ્યા નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ,
દીપક શ્રેણી મંડાણ,
દીવાળી પ્રગટી અભિધાન, પ્રભાત સમે શ્રી ગૌતમજ્ઞાન,
વર્ધમાન ધરો ધ્યાન ૧
ચોવીશે જિનવર સુખકાર, પરવ દીવાળી અતિ મનોહાર,
સકલ પર્વ શણગાર;
મેરાઈયા કરે અધિકાર, **'મહાવીર સર્વજ્ઞાય'** પદ સાર,
જપીએ દોય હજાર;
મજ્ઝિમ રયણી દેવ વાંદીજે, **'મહાવીર પારંગતાય'** નમીજે,
સહસ તે દોય ગુણીજે;
વળી **'ગૌતમ સર્વજ્ઞાય'** નમી જે, પર્વ દીપોચ્છવ ઈણિ પરે કીજે,
માનવભવ ફલ લીજે. ૨
અંગ અગ્યાર ને ઉપાંગ બાર, દશ પયન્ના છેદ મૂલ ચાર,
નંદી અનુયોગદ્વાર,
છ લાખ ને છત્રીસ હજાર, ચૌદપૂર્વ વિરચે ગણધાર,
ત્રિપદીનો વિસ્તાર;
વીર પંચ કલ્યાણક જેહ, કલ્પસૂત્રમેં ભાખ્યો તેહ,
દીપોચ્છવ ગુણગેહ,

ઉપવાસ છટ્ઠ અટ્ઠમ કરે જેહ, સહસ લાખ કોડિફલ લહેતેહ;
શ્રી જિનવાણી એહ. ૩
વીર નિર્વાણ સમે સુર જાણી, આવે ઈંદ્ર અને ઈંદ્રાણી,
ભાવ અધિક મન આણી;
હાથ ગ્રહી દીવી નિસિ જાણી, મેરાઈઆ બોલે મુખ વાણી,
દીવાળી કહેવાણી;
ઈણિપરે દીપોચ્છવ કરો પ્રાણી, સકલ સુમંગલ કારણ જાણી,
**લાભવિમલ** ગુણખાણી;
વદતિ **રત્નવિમલ** બ્રહ્માણી, કમલ કમંડલ વીણા પાણી,
ઘો સરસતી વર આણી. ૪

## (૩)

વંદુ વીર જિનેસર નમી કરી, બ્હોંતેર વર્ષનું આયુ પૂરણ કરી,
કાર્તિક અમાવાસ્યા નિર્મલી, વીર મોક્ષે ગયા પાવાપુરી ૧
ચોવીશે જિન મોક્ષે ગયા, મુજ શરણા હોજો નિર્મલ થયા
એકવાર જિનજી જો મિલે, મારા મનના મનોરથ સવિ ફલે. ૨
મહાવીરે તે દિધી દેશના, સોલ પહોર સુણી તે ભવીજના
એનો અર્થ સુણી ગણધર વલી, સિદ્ધાંતને વંદુ લળી લળી ૩
દિવાળી તે મહાપર્વ જાણીયે, મહાવીર થકી મન આણીએ,
ગણણું કરી છઠ તપ જે કરી, લાલવિજય સિદ્ધાઈ સંકટ હરે. ૪

## (૪)

વીર જીનેશ્વર સાહિબ સાચો, દિવાળી દિન જપીયેજી,
દુઃખ દોહગ દૌર્ભાગ્ય તે હરે, પાપ તાપ સવિ ખપીયેજી,

મિથ્યાત્વ છંડી સુમતિમાંહી, હેલા હેજે હસીયેજી,
પરમેશ્વર પ્રભુ પ્રગટ પરમાનંદ  પદને  પરખોજી ૧
સોલ પહોરની દેશના સુંદર સુણીયે રાય અઢારજી,
કરૂણાસાગર કરૂણા નાગર, નમીયે તે નર નારીજી,
વંદો ભાવે દુઃખ નાવે પામે સુખ ભવિ પ્રાણીજી,
ત્રિશલાનંદન જગજીવન ચોવીશે ગુણ ખાણીજી ૨
તિથી અમાસ પુનમ એ કાર્તિક વદની વીરે સવિ દુઃખ કાઢ્યાજી,
પુછયા પ્રભુએ એકાવન છત્રીશ ઉત્તર આપ્યાજી,
મોક્ષે પહોંચ્યા તે વયણા કહેતા દેવે દિવા કીધાજી,
ભવ્ય લોકના પોક સુણીને સકલ મનોરથ સિધ્ધાજી ૩
તે દિનથી પ્રગટી દીવાળી  સર્વ જગ પરસિધ્ધજી
સર્વ સાથ જાપ જપીએ દોય સહસપારંગતાય  વર્ધિજી,
તપગચ્છ તિલક વિજય ગુરુપંડિત નેમિવિજય હિતકારીજી,
શ્રી શુભવિજયસુરી પદ સેવક જય વિજય ગુણ ગાયાજી ૪

## શ્રી  દીવાળી પર્વનાં સ્તવન

### (૧)

મારે દીવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકના કાજ,ભવ દુઃખ ખોવાને.
મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે;
ધન્ય અમાવસ્યા ધન્ય દીવાળી, વીર પ્રભુ નિર્વાણ.

જિનમુખ૦ ૧

ચારિત્ર પાળ્યા નિર્મળું ને, ટાળ્યા તે વિષય કષાય રે;
એવા મુનિને વાંદીએ તો, ઉતારે ભવપાર. જિનમુખ૦૨
બાકુળા વહોર્યા વીરજિને, તારી ચંદનબાળા રે;
કેવળ લઈ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર. જિનમુખ૦ ૩
એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે,
સમવસરણ દઈ દેશના રે, પ્રભુ તાર્યાનર ને નાર. જિનમુખ૦૪
ચોવીસમાં જિનેશ્વરૂએ, મુક્તિતણા દાતાર રે;
કરજોડી કવિ એમ ભણે રે, પ્રભુ ! ભવનો ફેરો ટાળ. જિનમુખ૦૫

## શ્રીગૌતમસ્વામીનો વિલાપ

## (૨)

**વીરવહેલા આવો રે, ગૌતમ કહીને બોલાવો રે;**
દરિસણ વહેલા દીજીએ હો જી.
પ્રભુ તું નિઃસ્નેહિ હું સસનેહી અજાણ રે...વીર૦ ૧
ગૌતમ ભણે હો નાથ ! તે વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિરમણીને વર્યો.
હે પ્રભુજી ! તારા....ગુપ્ત ભેદોથી હું અજાણ રે...વીર૦ ૨
શિવનગર થયું શું સાંકડું કે હતી નહિ મુજ યોગ્યતા,
જો કહ્યું હોત તો મુજને, શું કોઈ કોઈને રોકતા?
હે પ્રભુજી ! હું શું.....માગત ભાગ સુજાણ રે...વીર૦ ૩
મમ પ્રશ્નનાં ઉત્તર દેઈ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી ક્યાં જશે ?
હે પુન્ય કથા કહી પાવન કરો મમ કાન રે...વીર૦ ૪

જિન ભાણ અસ્ત તિમિર થતાં, મિથ્યાત્વ સઘળે જાગશે;
કુમતિ કૌશિક જાગશે, વળી ચોર યુગલ વધી જશે.
હે ત્રિગડે બેસી દેશના દીઓ જિનભાણ રે...વીર૦ ૫
મુનિ ચૌદ સહસ છે તાહરે, વીર માહરે તું એક છે.
રડવડતો મુજને મૂકી ગયા, પ્રભુ ક્યાં તુમારી ટેક છે.
હે સ્વપ્રાંતરમાં અંતર ધરો ન સુજાણ રે...વીર૦ ૬
પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મળે કોઈ અવસરે;
હું રાગવશ રખડું નીરાગી, વીર શિવપુર સંચરે;
હે વીર વીર કરૂં, વીર ન ધરે ધ્યાન રે...વીર૦ ૭
કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઈનું કદા;
એ રાગ ગ્રંથી છૂટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં,
હે સુરતરૂ મણિ સમ ગૌતમ નામે નિધાન રે...વીર૦ ૮
કાર્તિક માસ અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે;
ભાવ દીપક જ્યોત પ્રગટે, લોકો દેવ દીવાળી ભણે.
હે **વીરવિજયના** નરનારી ધરો ધ્યાન રે...વીર૦ ૯

## (3)

તારા વિના વીર કોની સાથે બોલશું,
જંગલવત્ લાગે છે આ સંસાર જો;
વિવિધ શાસ્ત્રતણો આલાપ કરૂં કિહાં,
ભોજન પણ નવિ ભાવે તુમ વિણ નાથ જો૦ ૧
કાર્ય સફલ કરવા તુમ અનુમતિ માગતો,
એહવી હે વીર કોણથી પ્રાપ્ત જ થાય જો;
પ્રેમપ્રકર્ષે હર્ષ હજુ અમ અંતરે,

નિરાશ્રયી કરી આપ ગયા શિવસ્થાન જો૦ ૨
અમૃતાંજન સમ પ્રભુ દર્શન તાહરૂં,
કરવા અતિ અમ અંતરઈચ્છા થાય જો;
સ્વામી નિરાગી છતાં હુંતમને વિનવું,
શિષ્ય ગણી લ્યો સાથે દીનદયાળ જો૦ ૩
રાગદશાએ બંધન આ સંસારનું,
એહવી તારી વાણીનો વિસ્તાર જો;
આજ ખરેખર અંતરથી મેં અનુભવી,
બાહ્ય દ્રષ્ટિથી સ્વામિ શિષ્ય ગણાય જો૦ ૪
કેના વીર ને કેના સ્વામી જાણવા,
શ્રી ગૌતમ એ ભાવે તદ્દૂપ થાય જો;
નિજ સ્વરૂપી કેવલ કમલા વરી થયા,
ભવિ પ્રગટાવો એ ભાવે નિજ રૂપ જો૦ ૫

## (૪)

રમતી ગમતી હમને સાહેલી, બેહુ મલી લીજીયે એક તાલી;
**સખી આજ અનોપમ દીવાલી,** લીલ વિલાસે પૂરણ માસે,
પોષ દશમ નિશિ રઢીયાલી રે. સ૦ ૧
પશુપંખી વસીઆ વનવાસે, તે પણ સુખીયા જગતમાં સમકાલી રે સ૦;
એણી રાત્રે ઘેર ઘેર ઓચ્છવ હોશે, સુખીયા જગતમાં નરનારી રે. સ૦ ૨
ઉત્તમ ગ્રહ વિશાખા જોગે, જન્મ્યા પ્રભુજી જયકારી રે સ૦
સાતેનરકે થયા અજવાળા, થાવરને પણ સુખકારી રે સ૦ ૩

માતા નમી આઠે દિક્કુમરી; અધોલોકની વસનારી રે સ૦
સૂતી ઘર ઈશાને કરતી જોજન એક અશુચિ ટાલી રે; સ૦ ૪
ઉર્ધ્વલોકની આઠજ કુમરી, વરસાવે જલ કુસુમાળી રે, સ૦
પૂરવ રૂચક આઠ દર્પણ ધરતી, દક્ષિણની અડ કળશાલી રે સ૦ ૫
અડપચ્છિમની પંખા ધરતી; ઉત્તર આઠ ચામર ઢાલી રે સ૦;
વિદિશીની ચઉ દીપક ધરતી, રૂચકદીપની ચઉબાલી રે. સ૦ ૬
કેળતણા ઘર ત્રણ કરીને, મર્દન સ્નાન અલંકારી રે. સ૦;
રક્ષા પોટલી બાંધી બેહુને, મંદિર મેહેલ્યા શણગારી રે. સ૦ ૭
પ્રભુ મુખ કમલે અમરી ભમરી, રાસ રમતી લટકાલી રે સ૦;
પ્રભુ માતા તું જગતની માતા, જગ દીપકની ધરનારી રે. સ૦ ૮
માજીતુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપગારી રે. સ૦;
છપ્પન દિગ્કુમરી ગુણ ગાતી, શ્રી શુભવીર વચન ટંકશાળી રે. સ૦ ૯

## (૫)

### ( રાગ : સિદ્ધાચલના વાસી જિનજી પ્યારા )

છેલ્લો બોધ આપી, સહુ કર્મ કાપી વીર મારા ગયા મોક્ષતણી મોઝાર
અઢાર દેશના રાજાઓ આવે, પૌષધ લઈને ભાવના ભાવે
સુણીને શાસ્ત્રનું જ્ઞાન, મુકીને અભિમાન. વીર મારા.... ૧
વિલાપ કરે છે ગૌતમ સ્વામી રે, ક્યાં ગયા મારા અંતરયામી
મુજને મુકી ગયા, મને મેલી ગયા. વીર મારા.... ૨
ચોસઠ ઈન્દ્રો આવી નમે છે મહામહોત્સવને ઉજવે છે
ગુણ વીરના ગવાય, ગુણ મહાવીરના ગવાય. વીર મારા.... ૩

આસો માસની પર્વ દિવાળી, રૂડી રાત દીસે રઢિયાળી,
વીર પામ્યા નિર્વાણ, નામે શ્રી વર્ધમાન. વીર મારા.... ૪
વીર નામની સાચી દિવાળી જાપ જપે શિયળ વ્રત ધારી,
**વિનયવિજય** ગુણગાય, ભવોભવના દુઃખ જાય. વીર મારા.... ૫

## (૬)

### ( રાગ : તુને સંસારી સુખ કેમ સાંભરે રે લોલ )

મને ઉપકારી વીર પ્રભુ સાંભરે રે લોલ, મારા દર્શનના દાયક દેવ રે.
મને મૂકીને મુક્તિમાં સંચર્યા રે લોલ, હવે કોની કરીશ હું સેવ રે.
મને ૧

મારા હૈયાના હાર પ્રભુ વીરજી રે લોલ, રાખી તરફડતો દાસ થયા સિદ્ધ રે.
ગોયમ ગોયમ કહેનાર ગયા મુક્તિમાં રે લોલ, કહું કોની આગળ જઈ દુઃખ રે.
મને ૨

ગયા ત્રિપદી સુણાવનાર મુક્તિમાં રે લોલ, કોણ પ્રશ્નની ટાળશે ભૂખ રે
બોલે ગૌતમ વેણ એમ રાગથી રે લોલ, ઘડી ભરમાં વિચારે પ્રભુ વેણ રે.
મને ૩

પ્રભુ વીતરાગ રાગને ટાળતાં રે લોલ, રાગ હોતાં ન કેવલજ્ઞાન રે.
એહ ભાવે ગૌતમ થયા કેવલી રે લોલ, દેવ ઓચ્છવ કરે ગુણ ગાન રે.
મને ૪

વીરવાણીમાં અહર્નિશ રાચતા રે, લોલ વળી મુખડુ છે સુપ્રસન્ન રે
નમો ગોયમ વીરપદ **પદ્મ**ને રે લોલ, પામી હોશે દિવાળીનું પર્વ રે.
મને ૫

# શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

મોક્ષે ગયા મહાવીર પ્રભુ, ચોવીશમાં જિનચંદ રે;
અંતરજામી ઉડી ગયા, છોડી દુનિયાનાં ફંદ રે... પ્રભુ.૧
સિદ્ધારથ કુલ ચંદ્રમા, સિદ્ધારથ ભગવાન;
વિરહ પડ્યો ભરતક્ષેત્રમાં, આજ પછી અરિહંત રે... પ્રભુ. ૨
સંઘ સકલ શોક થયો ત્યાં, ભાવદિપક બુઝાય;
દુર્ગતિ અંધકાર બહુ પસરશે, હવે કોણ કરશે પ્રકાશ રે... પ્રભુ. ૩
દેવશર્માને પ્રતિબોધવા, ગૌતમને મૂક્યા આજ;
શિવપુર આપ પધારિયા, મનમોહન મહારાજ રે... પ્રભુ. ૪
વળતા ગૌતમ શ્રવણે સુણી, મન થયું અરિહંત સાથ;
ઈણ સમયે અલગો કિમ મૂક્યો, મને શ્રી જગનાથ રે... પ્રભુ. ૫
મનનાં સંશય કોણ ભાંજશે, અહર્નિશ મારા આધાર;
ગૌતમ કહી કોણ બોલાવશે, ક્ષણ ક્ષણમાં કેઈ વાર રે... પ્રભુ. ૬
કહોને ભગવંત હવે શું કહેવું, પૂજ્ય વળી પરમેશ્વર;
આપ છોડી મને એકલા, ચાલ્યા બહુ દૂર દેશ રે... પ્રભુ. ૭
કુમતિ ખજુઆ બહુ જાગશે, આપ વિના અરિહંત;
રવિ વિણ જિમ ચમકે તારા, તેહને કોણ કરશે સંત રે... પ્રભુ. ૮
એહ વીતરાગ હું રાગીયો, ભુલી ગયો નિજ ભાન;
ઈમ નિર્મોહી ભાવે ભાવના, ભાવે કેવલજ્ઞાન રે... પ્રભુ. ૯
દિન દિવાળીએ ગાઈએ, બાલાપુર નયનાનંદ;
પ્રવચન નવનિધિ ચંદ્રમા, વિર-વિજય જિનચંદ રે... પ્રભુ. ૧૦

## શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

( રાગ : ઓ નીલગગનમાં પંખેરુ )

સેવો સેવો રે ગુરુ ગૌતમને, દિવાળી દિન આજ;
મારા સિધ્યા વાંછિત કાજ......
મગધદેશમાં ગોબર ગામે, બ્રાહ્મણ વસુભૂતિ નામ;
જાસપૃથ્વી માતાને ઉદરે, ઉપન્યા ગોયમસ્વામ (૨)... સેવો. ૧
માતપિતાનાં લાકડકાએ, બન્યા વિદ્યાનાં ધામ;
ચાર વેદને ચૌદ વિદ્યાનાં, પાઠ જાણે તમામ (૨)... સેવો. ૨
તે કાલે તે સમયે પ્રભુજી, મહાવીર પામ્યા જ્ઞાન;
પાવાપુરીમાં વીર પધાર્યા, દેવ કરે ગુણગાન (૨)... સેવો. ૩
સમવસરણમાં ચાર મુખે પ્રભુ આપે બોધ અપાર;
મધુરીએ વાણીમાં મોહ્યા, સુરપતિ નર ને નાર (૨)... સેવો. ૪
ઈંદ્રભૂતિ ચિંતે મનમાંહિ સૌ યજ્ઞ તજી ક્યાં જાય;
ખબર પડી કે કોઈ સર્વજ્ઞ, આવ્યો છે ઈણ ઠામ (૨)... સેવો. ૫
અભિમાનથી કોપ ચડ્યો, ચાલ્યો વીરની પાસ;
હું છતાં કોણ એ સર્વજ્ઞ, ધરતો મન ઉલ્લાસ (૨)... સેવો. ૬
સમવસરણમાં પ્રભુને જોતા, ઈંદ્રભૂતિ વિચારે;
આ તો જિન ચોવીશમો છે, કેમ જિતવા મારે (૨)... સેવો. ૭
મીઠા વચને પ્રભુજી બોલાવે, હે ઈંદ્રભૂતિ આવ;
ચિત્ત ચમકી ઈંદ્રભૂતિ ચિંતે, ખોટો છે મુજ દાવ (૨)... સેવો. ૮
વેદના પદનો અર્થ કહી, પ્રભુજી સમજાવે;
જીવનો સંશય દૂર થયોને, સમ્યગ્ દૃષ્ટિ થાવે (૨)... સેવો. ૯
શિષ્યો સાથે દિક્ષા લીધી, પ્રભુ ગણધર પદ સ્થાપે;

છટ્ઠ અઠ્ઠમતપ તલવારે,કઠિન કર્મને કાપે (૨)...　　સેવો. ૧૦
કાર્તિક વદિ અમાવાસને રાતે, વીરજી મોક્ષે સિધાવે;
પ્રભુ વિરહે ગૌતમનું મુખડુ, આકુળ વ્યાકુળ થાવે (૨).　સેવો. ૧૧
કોણ વીરને કોણ હું વળી, ગૌતમ મનમાં ભાવે;
પર પરિણતિ પરિણમતા, પ્રભાતે કેવલ પામે (૨)...　સેવો. ૧૨
એવા ગુરુ ગૌતમને વંદો, ઉઠી નિત્ય સવારે;
કહે "હર્ષ" ભવજલ તરવા, પહોંચવા મુક્તિને દ્વારે (૨)...　સેવો. ૧૩

## (૯)

દિવાળી દિન પ્રભુ મોક્ષે સિધાવ્યા,
અમે અનંત ભવ ભમ્યા (૨) એ શાસનનો દિવડો...　૧
અંતિમ સોલ પહોર દેશના દિધી,
એકે ઘડી નહિ ખાલી અમૃતની ભરેલી (૨) એ શાસન...　૨
દેવો પ્રભુને આવી પ્રશ્ન કરે છે,
જીવન એક ઘડી રાખો, છે ભસ્મગ્રહ ખારો (૨) એ શાસન...　૩
દેવ કે તીર્થંકર હોય ભલા, ભૂપતિ
આયુષ્ય પળ નહિં વધશે, કે પળ નહિં ઘટશે (૨) એ શાસન...　૪
અંધારી રાત વળી પાછલી અમાસે,
વીર પ્રભુ નિરવાણ, ગૌતમને થઈ જાણ (૨) એ શાસન...　૫
વીર પ્રભુ મારા હૈયાનાં હાર છે,
મુજને મોકલ્યો દૂર ગામ, હું ભુલ્યો એ ભાન (૨) એ શાસન...૬

પ્રીતલડી હતી પ્રભુ આપની પુરાણી,
ભેટમાં કેવલજ્ઞાન, હું માંગુ નહિં માન (૨) એ શાસન... ૭
તુમે નિરાગી પ્રભુ હું છું રાગી,
હૃદયમાં ધ્યાન ધરંતા, ત્યાં કેવલ વરંતા (૨) એ શાસન... ૮
શાસન દીપ પ્રભુ મૂકી સોહાયા,
દ્રવ્ય દિપક પ્રગટાવે, શ્રી જિન-ગુણ ગાવે (૨) એ શાસન...૯

## શ્રી દીવાળીનું ૧૦ ઢાળનું સ્તવન

### ( ઢાળ ૧ લી)

( રાગ : રામગિરિ )

શ્રી શ્રમણસંઘ તિલકોપમં ગૌતમં,
સુગતિં પ્રણિપત્ય પાદારવિંદં;
ઈન્દ્રભૂતિપ્રભવમં હસો મોચકં,
કૃત કુશલ કોટિ કલ્યાણકંદ. ૧

**મુનિ મન રંજણો, સયલ દુઃખભંજણો,**
**વીર વર્ધમાનો જિણંદો;**
મુગતિ ગતિ જિમ લહી, તિમ કહું સુણ સહી,
જિમ હુએ હર્ષ હૈડે આણંદો. મુ૦ ૨

કરીય ઉદ્‌ઘોષણા દેશ પુર પાટણે,
મેઘ જિમ દાન જલ બહુલ વરસી,
ધણ કણગ મોતીયા, ઝગમગે જોતિયા,
જિન દેઈ દાન ઈમ એક વરસી. મુ૦ ૩

દોય વિણ તોય ઉપવાસ આદે કરી,
માગશિર કૃષ્ણ દશમી દહાડે;
સિદ્ધિસામા થઈ, વીર દીક્ષા લેઈ,
પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪
બહુલ બંભણ ઘરે, પારણું સામીએ,
પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કીધું;
ભુવન ગુરુ પારણે પુન્યથી બંભણે,
આપ અવતાર ફલ સયલ લીધું. મુ૦ ૫
કર્મ ચંડાલ ગોસાલ સંગમ શૂરો,
જિણે જિન ઉપરે ઘાત મંડ્યો;
એવડો વયર તે પાપીયા શે કર્યો,
કર્મ કોડી તુંહીજ સબલ દંડ્યો. મુ૦ ૬
સહજ ગુણ રોષિઓ, નામે ચંડકોશીયો,
જિનપદે શ્વાન જિમ જેહ વિલગો;
તેહને બુઝવી ઉદ્ધર્યો જગપતિ,
કીધલો પાપથી અતિ હી અલગો મુ૦ ૭
વેદમાયા ત્રિયામા લગે ખેદિયો,
(૪ - પ્રહલ રાત્રી) ભેદીયો તુજ નવિ ધ્યાન કુંભો;
શુલપાણિ અજ્ઞાણી અહો બૂઝવ્યો,
તુજ કૃપા પાર પામે ન શંભો. મુ૦ ૮
સંગમેં પીડીઓ પ્રભુ સજલ લોયણે,
ચિંતવે છૂટસ્યે કિમ એહો;
તાસ ઉપરે દયા એવડી શી કરી,
સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૯

ઈમ ઉપસર્ગ સહેતાં તરણી (૧૨) મિત વરસ,
સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે,
વીર કેવલ લહ્યું, કર્મ દુઃખ સવિ દહ્યું,
ગહગહ્યું સુર નિકર નર અનેકે મુ૦ ૧૦
ઈંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદસ મુનિ,
સાહુણી સહસ છત્રીસ વિહસી;
ઓગણસઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ,
શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી. મુ૦ ૧૧
ઈમ અખિલ સાધુ પરિવારશું પરવર્યો,
જલધિ જંગમ જિસ્યો ગુહિર ગાજે;
વિચરતા દેશ પરદેશ નિજ દેશના,
ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨

## ( ઢાળ ૨ જી )

### ( રાગ : વિવાહલાની દેશી )

હવે નિય આય અંતિમ સમે, જાણીય શ્રી જિનરાય રે,
નયરી અપાપાએ આવીયા, રાય સમાજને ઠાય રે,
હસ્તિપાલગ રાયે દીઠડા, આવીયડા આંગણ બાર રે,
નયણ કમલ દોય વિહસીઆ, હરસીલા હઈડી મઝાર રે. ૧૩
ભલે ભલે પ્રભુજી પધારીયા, નન પાવન કીધા રે,
જનમ સફલ આજ અમ તણો, અમ ઘરે પાઉલાં દીધા રે;
રાણી રાય જિન પ્રણામીઆ, મોટે મોતીયડે વધાવી રે,
જિન સન્મુખ કર જોડીને, બેઠલા આંગણે આવી રે. ૧૪

ધન અવતાર અમારડો, ધન દિન આજનો એહો રે,
સુરતરૂં આંગણે મોરિયો, મોતીયડે વૂઠલો મેહો રે;
આ શ્યું અમારડો, એવડો પૂરવ પુન્યનો નેહો રે,
હૈડલો હેજે હરસીયો, જો જિન મલીઓ સંયોગો રે. ૧૫
અતિ આદર અવધારીએ, ચરમ ચોમાસુ રહીયા રે,
રાય રાણી સુરનર સવે, હિયડલા માંહે ગહગહીયા રે;
અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનની રે,
પાપ સંતાપ પૂરો થયો, શાતા થઈ તન મનની રે. ૧૬
ઈંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીનાં વૃંદ રે,
ત્રણ પ્રદક્ષિણા દેઈ કરી, નાટક નવ નવે છંદ રે;
જિન મુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠી રે,
તે નર તેહજ વરણવે, જિણે નિજ નયણલે દીઠી રે. ૧૭
ઈમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદરવો આસો રે,
કૌતિક કોડિલો અનુક્રમે, આવિયડો કાર્તિક માસો રે;
પાખી પર્વ પન્હોતલું પોહંતલું, પુન્ય પ્રવાહિ રે,
રાય અઢાર તિહાં મલ્યા, પોષહ લેવા ઉછાંહિ રે. ૧૮
ત્રિભુવન જન સવિ તિહાં મલ્યા, શ્રી જિનવંદન કામો રે,
સહજ સંકીર્ણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામો રે;
ગોયમ સ્વામી સમોવડા, સ્વામી સુધર્મા તિહાં બેઠા રે,
ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દીઠા રે. ૧૯
પૂરણ પુન્યના ઔષધ, પૌષધ વ્રત વેગે લીધા રે,

કાર્તિક કાલી ચઉદશે, જિનમુખે પચ્ચકખાણ કીધાં રે;
રાય અઢાર પ્રમુખ ઘણે, જિનપગે વાંદણા દીધાં રે,
જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધાં રે. ૨૦

## ( ઢાળ ૩ જી )

### ( રાગ : મારૂ )

શ્રી જગદીશ દયાલ દુઃખ દૂર કરે રે, કૃપા કોડી તુજ જોડી;
જગમાં રે, જગમાં રે, કહીએ કેહને વીરજી રે. ૨૧
જગજનને કુણ દેશે એવી દેશના રે, જાણી નિજ નિરવાણ;
નવરસ રે નવરસ રે, સોલ પહોર દીયે દેશના રે. ૨૨
પ્રબલ પુન્ય ફલ સંસૂચક સોહામણાં રે, અજ્ઝયણાં પણપન્ન;
કહીયાં રે કહીયાં રે, મહીયાં સુખ સાંભલી હોએ રે. ૨૩
પ્રબલ પાપફલ અજ્ઝયણાં તિમ તેટલાં રે, અણપૂછ્યા છત્રીસ;
સુણતાં રે સુણતાં રે, ભણતાં સવિ સુખ સંપજે રે. ૨૪
પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરે રે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ;
મુજને રે મુજને રે, સુપન અર્થ સવિ સાચલો રે. ૨૫
ગજ વાનર ખીર દ્રુમ વાયસ સિંહ ઘડોરે, કમરબીજ ઈમ આઠ;
દેખી રે દેખી રે, સુપન સભય મુજ મન હુઓ રે. ૨૬
ઉખર બીજ કમલ અસ્થાનકે સિંહનું રે, જીવ રહિત શરીર;
સોવન રે સોવન રે, કુંભ મલિન એ શું ઘટે રે. ૨૭
વીર ભણે ભૂપાલ સુણો, મન સ્થિર કરી રે, સુમિણ અર્થ સુવિચાર;
હૈડે રે હૈડે રે, ધરજો ધર્મ ધુરંધરૂં રે. ૨૮

## ( ઢાળ ૪ થી )

શ્રાવક સિંધુર સારિખા જિનમતના રાગી,
ત્યાગી સહ ગુરુ દેવધર્મ, તત્ત્વે મતિ જાગી;
વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા,
એહવા શ્રાવક હોયસે, મતિમંત સનૂરા. ૨૯
લાલચે લાગા થોડીલે, સુખે રાખી રહીયા,
ઘરવાસે આશા અમર, પરમારથ દૂહિયા;
વ્રત વૈરાગ થકી નહી, કોઈ લેશે પ્રાયે,
ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહોમાંહે. ૩૦
વાનરચંચલ ચપલ મતિ, સરખા મુનિ મોટા;
આગલ હોશે લાલચી, લોભી મન ખોટા;
આચારજ તે આચારહીણ, પ્રાયે પ્રમાદી,
ધર્મ ભેદ કરશે ઘણા, સહજે સ્વારથ વાદી. ૩૧
કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા,
મુખ મીઠા માયાવીયા, મનમાંહે કૂડા;
કરશે માંહોમાંહે વાદ, પર વાદે નાસે,
બીજા સુપન તણો વિચાર, ઈમ વીર પ્રકાશે. ૩૨
કલ્પવૃક્ષ સરિખા હોશે, દાતાર ભલેરા,
દેવ ધર્મ ગુરુ વાસના, વરિ વારિના વેરા;
સરલ વૃક્ષ સવિને દીએ, મનમાં ગહગહતા,
દાતા દુર્લભ વૃક્ષ રાજ, ફલ ફુલે ત્રહતા. ૩૩
કપટી જિનમત લિંગિયા, વળી બબૂલ સરિખા,
ખીરવૃક્ષ આડા થયા, જીભ કંટક તિખા;

દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી,
ત્રીજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી. ૩૪
સિંહ કલેવર સરિખો, જિનશાસન સબલો,
અતિ દુર્દાંત અગાહનીય, જિનવાચક જમલો;
પરશાસન સાવજ અજ, તે દેખી કંપે,
ચઉથા સુપન વિચાર ઈમ, જિનમુખથી જંપે. ૩૫
તપગચ્છ ગંગાજલ સરિખો, મુકી મતિહીણા,
મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ હીણા;
વંચક આચારજ અનેક, તિણે ભૂલવીયા,
તે ધર્માંતર આદરે, જડમતિ બહુ ભવીયા. ૩૬
પંચમ સુપન વિચાર, એહ સુણીઓ રાજાને,
છટ્ઠે સોવન કુંભ દીઠ, મઈલો સુણી કોને;
કો કો મુનિ દરસણ ચારિત્ર, જ્ઞાન પૂરણ દેહા,
પાલે પંચાચાર ચારૂ, છંડી નિજ ગેહા. ૩૭
કો કપટી ચારિત્ર વિષે, લઈ વિપ્ર તારે,
મઈલો સોવન કુંભ જિમ, પિંડ પાપે ભારે;
છટ્ઠા સુપન વિચાર એહ, સાતમે ઈંદિવર,
ઉકરડે ઉત્પત્તિ થઈ, પ્રાહિ મધ્યમ જાતિ. ૩૮
પુણ્યવંત પ્રાણી હુસ્યે, પ્રાહિ મધ્યમ જાતિ,
દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત;
સાધુ અસાધુ જતિ વદે, તવ સરિખા કીજે;
તે બહુ ભદ્રક ભવિયણે, સ્યો ઉલંભો દીજે. ૩૯

રાજા મંત્રીપરે સુસાધુ આપીયું ગોપી,
ચારિત્ર સૂધું રાખસ્યે, સવિ પાપ વિલોપી;
સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઈમ કહીયો,
અષ્ટમ સુપન તણો વિચાર, સુણી મન ગહગહીઓ. ૪૦
ન લહે જિનમત માત્ર જેહ, તેહ પાત્ર ન કહીએ,
દીધાનું પરભવ પુણ્ય ફલ, કંઈ ન લહીએ;
પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે,
પુણ્ય અર્થે તે તે અર્થ આપ, કુપાત્રે દેહસ્યે. ૪૧
ઉંબર ભૂમિ દષ્ટ બીજ, તેહનો ફલ કહીએ,
અષ્ટમ સુપન વિચાર ઈમ, રાજા મન ગહિએ,
એહ અનાગત સવિ સ્વરૂપ, જાણી તિણે કાલે,
દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ૪૨

## ( ઢાળ ૫ મી )

( રાગ : ગોડી )

ઈંદ્રભૂતિ અવસર લહી રે, પૂછે કહો જિનરાય;
શું આગલ હવે હોશે રે, તારણ તરણ જહાજો રે,
**કહે જિન વીરજી.** ૪૩
મુજ નિર્વાણ સમય થકી રે, ત્રિહુ વરસે નવ માસ;
માઠેરો તિહાં બેસશે રે, પંચમ કાલ નિરાશો રે.કહે૦ ૪૪
બારે વરસે મુજ થકી રે, ગૌતમ તુજ નિર્વાણ;
સોહમ વીશે પામશે રે, વરસે અખય સુખઠાણો રે.કહે૦ ૪૫

ચઉસઠ વરસે મુજ થકી રે, જંબૂને નિરવાણ;
આથમશે આદિત્ય થકી રે, અધિકું કેવલ નાણો રે.કહે૦ ૪૬
મનપજ્જવ પરમાવધિ રે, ક્ષયોપશમ મન આણ;
સંયમ ત્રણ જિનકલ્પની રે, પુલાગાહારગ હાણ રે.કહે૦ ૪૭
સિજ્જંભવ અઠાણવે રે, કરશે દશવૈઆલિય;
ચઉદપૂર્વી ભદ્રબાહુથી રે, થાશે સયલ વિલિયો રે. કહે૦ ૪૮
દોય શત પન્નરે મુજ થકી રે, પ્રથમ સંઘયણ સંઠાણ;
પૂવણું ઉગતે અર્થથી હુશે રે, મહાપ્રાણ નવિ ઝાણ રે. કહે૦ ૪૯
ચઉત્રાયપને મુજ થકી રે, હોશે કાલિક્ક સુરિ;
કરશે ચઉથી પજુષણે રે, વર ગુણ રયણનો પૂરો કહે૦ ૫૦
મુજથી પણ ચોરાશીએ રે, હોશે વયરકુમાર;
દસપૂર્વી અધિકારીઓ રે, રહેશે તિહાં નિરાધારો રે. કહે ૫૧
મુજ નિર્વાણ થકી છસે રે, વીસ પછી વનવાસ;
મૂકી કરશે નગરમાં રે, આર્યરક્ષિત મુનિવાસો રે. કહે૦ ૫૨
સહસે વરસે મુજ થકી રે, ચઉદ પૂરવ વિચ્છેદ;
જ્યોતિષ અણમિલતાં હુસેરે, બહુલ મતાંતર ભેદો રે.કહે૦ ૫૩
વિક્રમથી પંચ પંચાશીએ રે, હોશે હરિભદ્ર સૂરિ;
જિનશાસન અજુઆલશે રે, જેહથી વાદીયાં સવિ દૂરો રે. કહે૦ ૫૪
દ્વાદશ શત સત્તર સમે રે, મુજથી મુનિ સૂર હીર;
બપ્પભટ્ટસૂરિ હોયશે રે, તે જિનશાસન વીર રે. કહે૦ ૫૫
મુજ પ્રતિબિંબ ભરાવશે રે, આમરાય ભૂપાલ;

સાર્દ્ધ ત્રિકોટી સોવનતણો રે, તાસ વયણથી વિસાલો રે.કહે૦ ૫૬
ષોડશ શત ઓગણોતરો રે, વરસે મુજથી મુણિંદ;
હેમસૂરિ ગુરુ હોયશે રે, શાસન ગયણ દિણંદો રે. કહે૦ ૫૭
હેમસૂરિ પડિબોહશે રે, કુમારપાલ ભૂપાલ;
જિનમંડિત કરશે મહિ રે, જિનશાસન પ્રતિપાલો રે. કહે૦ ૫૮
ગૌતમ ! નબળા સમયથી રે, મુજ શાસન મન મેલ,
માંહોમાંહે નવિ હોશે રે, મચ્છ ગલાગલ કેલો રે. કહે૦ ૫૯
મુનિ મોટા માયાવિયા રે, વેઢીગારા વિશેષ;
આપ સ્વારથ વશી થયા રે, એ વિટંબશ્યે વેષો રે. કહે૦ ૬૦
લોભી લખપતિ હોયશે રે, જમ સરિખા ભૂપાલ;
સજ્જન વિરોધી હૂસે રે, નવિ લજ્જાલુ દયાલો રે. કહે૦ ૬૧
નિરલોભી નિરમાઈયા રે, સૂધા ચારિત્રવંત;
થોડા મુનિ મહિયલે હશે રે, સુણ ગૌતમ ! ગુણવંત રે. કહે૦ ૬૨
ગુરુ ભગતિ શિષ્ય થોડલા રે, શ્રાવક ભગતિ વિહીણ;
માતાપિતાના સુત નહી રે, તે મહિલાના આધીન રે. કહે૦ ૬૩
દુપ્પસહ સૂરિ ફલ્ગુસિરિ રે, નાગિલ શ્રાવક જાણ;
સત્યસિરિ તિમ શ્રાવિકા રે, અંતિમ સંઘ વખાણ્યો રે. કહે૦ ૬૪
વરસ સહસ એકવીશ લગે રે, જિનશાસન વિખ્યાત;
અવિચલ ધર્મ ચલાવશે રે, ગૌતમ ! આગમ વાતો રે. કહે૦ ૬૫
દૂષમદૂષમા કાલની રે, તે કહિયે શી વાત;
કાયર કંપે હૈડલે રે, જે સુણતાં અવદાતો રે. કહે૦ ૬૬

## ( ઢાળ ૬ ઠી )

### ( રાગ : પિયુડો ઘર આવે )

મુજશું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે,
દૃઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ;
અલગા થયા મુજ થકી એહને,ઉપજશે રે કેવલ નિય અંગ કે.
**ગૌતમ રે ગુણવંતા.** ૬૭
અવસર જાણી જિનવરે, પૂછીયા ગોયમ સ્વામ,
દોહગ દુઃખીયા જીવને, આવીયે આપણ કામ;
દેવશર્મા બંભણો જઈ, બુઝવો રે એણે ઢુંકડે રે ગામ કે. ગૌ૦ ૬૮
સાંભલી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય,
ગૌતમ બે કર જોડી, પ્રણમ્યા વીર જિનના પાય;
પાંગર્યા પૂરવ પ્રીતથી, ચઉનાણી રે મનમાં નિરમાયકે. ગૌ૦ ૬૯
ગૌતમ ગુરુ તિહાં આવીયા, વંદાવીઓ તે વિપ્ર,
ઉપદેશ અમૃત દીધલો, પીધલો તિણે ક્ષિપ્ર,
ધસમસ કરતાં બંભણે, બારી વાગી રે થઈ વેદન વિપ્ર કે. ગૌ૦ ૭૦
ગૌતમ ગુરુનાં વયણલાં, નવિ ધર્યા તિણે કાન,
તે મરી તસ શિર કૃમિ થયો, કામિનીને એક તાન;
ઉઠીયા ગોયમ જાણીઓ, તસ ચરીયો કે પોતાને જ્ઞાન કે. ગૌ૦ ૭૧

## ( ઢાળ ૭ મી)

### ( રાગ : રામગિરિ)

ચોસઠ મણનાં તે મોતી ઝગમગે રે,
ગાજે ગુહિર ગંભીર સિરે રે;
નાદે લીણા લવ સત્તમિયા સુર રે;
**વીરજી વખાણે રે જગજન મોહિયો રે...** ૭૨

અમૃતથી અધિકી મીઠી વાણી રે,
સુણતાં સુખડા જે મનડે સંપજે રે;
તે લહેશે જે પહોંચશે નિર્વાણ રે...વીરજી૦ ૭૩
વાણી પડછંદે સુર પડિબોહિયા રે,
સુણતાં પામે સુખ સંપત્તિની કોડ રે;
બીજા અટલ ઉલટથી ઘણા રે,
આવી બેઠા આગલ બે કર જોડ રે. વી૦ ૭૪
સોહમ ઈંદા શાસન મોહીયો રે,
પૂછે પરમેશ્વરને તુમ આય રે;
બે ઘડી વધારો સ્વાતિ થકી પરહુ રે,
તો ભસ્મગ્રહ સઘળો દૂર જાય રે. વી૦ ૭૫
શાસન શોભા અધિકી વાધશે રે,
સુખીઆ હોશે મુનિવરના વૃંદ રે;
સંઘ સયલને સવિ સુખ સંપદા રે,
હોશે દિન દિનથી પરમાનંદ રે. વી૦ ૭૬
ઈંદા ન કદા રે કહીએ કેહનું રે,
કેણે સાંધ્યું નવિ જાએ આય રે;
ભાવી પદારથ ભાવે નિપજે રે,
જે જિમ સરજ્યો તે તિમ થાય રે. વી૦ ૭૭
સોલ પહોરની દેતા દેશના રે,
મરૂદેવા નામા રૂઅડો અજ્ઝયણ રે;
કહેતાં કાતી વદિ કહું પરગડિ રે,
વીરજી પહોતા પંચમી ગતિ રયણ રે. વી૦ ૭૮

જ્ઞાન દીવો રે જબ દૂરે થયો રે;
તવ કીધી દેવે દીવાની શ્રેણિ રે;
તિમ રે ચિહું વરણે દીવા કિધલા રે,
દીવાલી કહીયે છે કારણ તેણી રે. વી૦ ૭૯
આંસુ પરિપૂરણ નયણ આખંડલો રે,
મૂકી ચંદનની ચેહમાં અંગ રે;
દીધો દેવે દહન સઘલે મિલીજી રે,
હા ધિગ્ ધિગ્ સંસાર વિરંગ રે. વી૦ ૮૦

## ( ઢાળ ૮ મી )

### ( રાગ : વિરાગ )

વંદે સુવેગે જઈ વીરને, ઈમ ગૌતમ ગહગહતા;
મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહતા રે;
જિનજ, તુ નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે,
તે તે કીધો ખોટો રે. **જિનજી૦** ૮૧
હૈ હૈ વીર કર્યો અણઘટતો, મુજને મોકલીયો ગામ;
અંતકાલે બેઠા તુજ પાસે, હું સ્યે નાવત કામ રે. જિ૦ ૮૨
ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરીખો મુજ તુંહી;
વિશ્વાસી વીરે છેતરીયો, તેસ્યા અવગુણ મુંહી રે. જિ૦ ૮૩
કો કેહને નવિ વલગે, જો મિલતો હોએ સબલો;
મિલતાશું જેણે ચિત ચોર્યો, તે તિણે કર્યો નિર્બલો રે. જિ૦ ૮૪

નિઠુર હૈડા નેહ ન કીજે, નિસ્નેહી નર નીરખી;
હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડી સરખી રે. જિ૦ ૮૫
તેં મુજને મનડો નવિ દીધો, મુજ મનડો તે લીધો;
આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઈને સિદ્ધો રે. જિ૦ ૮૬
આજ લગે તુજ મુજશું અંતર, સુપનંતર નવિ હુંતો;
હૈડા હેજે હિયાલી છંડી, મુજને મૂક્યો રોવંતો રે. જિ૦ ૮૭
કો કેહશું બહુ પ્રેમ મ કરશો, પ્રેમ વિટંબણ વિરૂઈ;
પ્રેમે પરવશ જે દુઃખ પામે તે કથા ઘણું ગરૂઈ રે. જિ૦ ૮૮
નિસનેહી સુખીયા રહે સઘલે, સસનેહી દુઃખ દેખે;
તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષ રે. જિ૦ ૮૯
સમવસરણ કહીએ હવે હોંશે, કહો કુણ નયણે જોશે,
દયા ધેનુપુરી કુણ દોહશે, વૃષ દધિ કુણ વિલોસે રૈ. જિ૦ ૯૦
ઈણ મારગજે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે;
મુજ હૈડો દુઃખડે ન સમાયે, તે કહો કુણ સમાવે રે. જિ૦ ૯૧
દ્યો દરિસણ વીરા ? વાલાને, જે દરિસણના તરસ્યા રે;
જો સુહણે કેવા રે દેખશું, તો દુઃખ દૂરે કરશું રે. જિ૦ ૯૨
પુણ્યકથા હવે કુણ કેલવશે, કુણ વાલા મેલવશે;
મુજ મનડો હવે કુણ ખેલવશે, કુમતિ જિમતિમ લવશે રે જિ૦ ૯૩
કુણ પૂછયાનો ઉત્તાર દેશે, કુણ સંદેહ ભાંજશે;
સંઘ કમલવન કિમ વિકસસે, હું છદ્મસ્થાવેશે રે. જિ૦ ૯૪

હું પરા પૂરવશું અજાણ, મેં જિન વાત ન જાણી;
મોહ કરે સવિ જગ અનાણી; એહવી જિનજીની વાણી રે. જિ૦ ૯૫
એહવે જિન વયણે મન વાલ્યો, મોહ સબલ બલ કાપ્યો;
ઈણ ભાવે કેવલ સુખ આપ્યો, ઈંદ્ર જિનપદે સ્થાપ્યો રે. જિ૦ ૯૬
ઈંદ્રે જુહાર્યા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે;
પર્વ પનોતુ જગમાં વ્યાપ્યું, તે કીજે સવિ કેણે રે. જિ૦ ૯૭
રાજા નંદીવર્ધન નોતરીયો, ભાઈ બહિનર બીજે;
તે ભાવડ બીજ હુઈ જગ સઘલે, બ્હેન બહુ પરે કીજે રે. જિ૦ ૯૮

## ( ઢાળ ૯ મી )

### ( વિવાહલાની દેશી )

પહિરીએ નવરંગ ફાલડીએ,
માંડી મૃગમદ કેસર ભાલડીએ;
ઝબકે ઝબકે શ્રવણે ઝાલડીએ;
કરી કંઠે મુગતાફલ માલડીએ ૯૯
ઘર ઘર મંગલ માલડીએ,
જપે ગોયમ ગુણ જપ માલડીએ;
પહોતલો પરવ દીવલડીએ,
રમે રસભર રામત બાલડીએ. ૧૦૦
શોક સંતાપ સવિ કાપીયો એ,
ઈંદ્રે ગોયમ વીરપદે થાપીયો એ;

નારી કહે સાંભલ કંતડા એ,
જપો ગોયમ નામ એકંતડા એ. ....૧૦૧
લ્યો લખ લાભ લખેસરી એ,
લ્યો મંગલ કોડી કોડેસરી એ;
જાપ જપો થઈ સુતપેસરી એ;
જિમ પામીએ ઋદ્ધિ પરમેસરીએ. ....૧૦૨
લહીએ દીવાલડી દાડલો એ,
એ તો પુણ્યનો ટબકો ટાલઓ એ;
સુકૃત સિરિ દઢ કરો પાલડી એ,
જિમ ઘર હોય નિત્ય દિવાલડી એ. ....૧૦૩

## ( ઢાળ ૧૦ મી)

હવે મુનિસુવ્રત સીસો રે, જેહની સબલ જગીસો;
તે ગુરુ ગજપુરે આવ્યા રે, વાદી સવિહાર મનાવ્યા. ....૧
પાવૃષ ચઉમાસુ રહિયારે, ભવિયણ હૈડે ગહ ગહીયા રે;
નવમો ચક્રવર્તિ પદ્મ રે, જસુ હિયડે નવિ છદ્મ. ....૨
નમુચિ તસ નામે પ્રધાન રે, રાજા દીયે બહુમાન;
તિણે તિહાં રિઝવી રાય રે, માગી મોટો પસાય. ....૩
લીધો ષટ્ ખંડ રાજ રે, સાત દિવસ માંડી આજ;
પૂર્વે મુનિશું વિરોધ્યો રે, તે કિણે નવિ પ્રતિબોધ્યો. ....૪
તે મુનિ શું કહે બંડો રે, મુજ ધરતી સવિ છંડો;

વિનવીઓ મુનિ મોટો રે, નવિ માને કામે ખોટો. ....૫
આઠ સયાં વર્ષ તપતપીયો રે, જે જિનકિરિયાનો ખપીયો રે;
નામે વિષ્ણુકુમાર રે, સયલ લબ્ધિનો ભંડાર. ....૬
ઉઠ ક્રમ ભૂમિ લેવા રે, જોવા ભાઈની સેવા;
લ્યો ત્રિપદી ભૂમિ દાન રે, ભલે ભલે આવ્યા ભગવાન. ....૭
ઈણ વયણે ધડહડીયો રે, તેમુનિ બહુ કોપે ચડીયો રે;
કીધો અદ્ભુત રૂપ રે, જોયણ લાખ સરૂપ. ....૮
પ્રથમ ચરણ પૂર્વે દીધો રે, બીજો પશ્ચિમે કીધો;
ત્રીજો તસ પુંઠે થાપ્યો રે, નમુચિ પાતાલે ચાંપ્યો. ....૯
થરહરીયો ત્રિભુવન્ન રે, ખલભલિઓ સવિ જન;
સલસલીઓ સુર દિન્ન રે, પડ્યો નવિ સાંભલીએ કન્ન. ....૧૦
એ ઉત્પાત અત્યંત રે, દૂર કરો ભગવંત રે;
હૈ હૈ શું હવે થાશે રે, બોલે સહુ એ સાસે. ....૧૧
કરણે કિનર દેવા રે, કડુઆ ક્રોધ સમેવા રે;
મધુર મધુર ગાએ ગીત રે, બે કર જોડી વિનીત. ....૧૨
વિનય થકી વેગે વળીઓ રે, એ જિનશાસન બળીયો;
દાનવ દેવે ખમાવ્યો રે, નર નારીએ વધાવ્યો. ....૧૩
ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દૂરે તડકી રે;
તે જતને ગ્રહી છે રે, આરતી ઉતારી મેરેઈએ રે. ....૧૪

નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહી ફાવ્યા;
સેવ સુંવાલી કંસાર રે, ફલ લ્યું નવે અવતાર રે. ....૧૫
છગણ તણો ઘરબાર રે, નમુચિ લખ્યું ઘરનાર રે;
તે જિમ જિમ ખેરૂ થાય રે, તિમ તિમ દુઃખ દૂરે જાય રે. ....૧૬
મંદિર મંડાણ માંડ્યા રે, દારિદ્ર દુઃખ દૂરે છાંડ્યા;
કાર્તિક સુદિ પડવે પરવે રે,ઈમ એ આદરીઓ સર્વે. ....૧૭
પુણ્યે નરભવ પામી રે, ધર્મ પુન્ય કરો નિરધામી;
પુન્યે ઋદ્ધિ રસાલી રે, નિત નિત પુન્યે દિવાલી. ....૧૮

## ( કળશ )

જિન તું નિરંજણ સકલ રંજણ, દુઃખ ભંજણ દેવતા,
દ્યો સુખ સામી મુગતિ ગામી, વીર તુજ પાય સેવતા;
તપગચ્છ ગયણ દિણંદ દહ દિસે, દીપતો જગ જાણીએ,
શ્રી **હીરવિજય** સૂરીંદ સુહગુરુ, તાસ પાટ વખાણીએ. ....૧
શ્રી **વિજયસેન** સૂરીશ સુહગુરુ, **વિજયદેવ** સુરીસરૂ,
જે જપે અહનિશ નામ જેહનો, વર્ધમાન જિનેસરૂ,
નિર્વાણ સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે,
તે લહે લીલા લબ્ધિ લચ્છિ, શ્રી ગુણહર્ષ વધામણે.
**શ્રી વીરનિર્વાણ મહિમા દીપાલિકા સ્તવન સંપૂર્ણ.** ....૨

## શ્રી ગૌતમસ્વામી વિલાપ સ્તવન

( રાગ : તોરણથી રથ પાછો જાય રે )

થાશું પ્રીત બંધાણી જગતગુરુ, **થાશું પ્રીત બંધાણી;**
વેદ અર્થ કહી મોં બ્રાહ્મણકું,ખીણમેં કીધો નાણી. જી૦ ૧
બાલકપરે મેં જે જે પૂછયું, તે ભાખ્યું હિત આણી;
મુજ કાલાને કોણ સમજાવે ? તો બિન મધુરી વાણી. જી૦ ૨
વયણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નર નાકી તિરિ પ્રમોદિત બોધિત, તો હી ગુણમણિ ખાણી. જી૦ ૩
કિસકે પાઉં પરૂં આજ જાઈ, કિનકી પકરૂં પાની;
કુણ મુજ ગોયમ કહી બોલાવે, તો સમકુણ વખાણી. જી૦ ૪
અઈમુત્તો આયો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવલ કમલા ઉસકું દિની, યાહી કીરતી નહિં છાની. જી૦ ૫
ચઉદ સહસ અણગારમાં મોટો, કિનો કાં હું પીછાણી,
અંતિમ અવસર કરૂણાસાગર, દૂરે ભેજયો જાણી. જી૦ ૬
કેવલભાગ ન માગત સ્વામી, રહેત ન છેડો તાણી;
બિચમેં છોડ ગયે શિવમંદિર, લોકમાં હોત કહાણી. જી૦ ૭
ખામી કછું ખિજમતમેં કીની, તાકી યાહી કમાણી;
સ્વામીભાવ લહે સુસેવક, યાહી વાત નિપાની. જી૦ ૮
વીતરાગ ભાવે ચેતનતા, અંતર મુહુર્ત ઠરાણી;
**ખિમાવિજય** જિન ગૌતમ ગણધર જયોતિશું જયોતિ મિલાણી જી૦ ૯

## શ્રી ગૌતમસ્વામી વિલાપ સ્તવન

આ શું સુઝયું રે પ્રભુઆપને,મહાવીર આપજ
ગૌતમ કેરો (૨) અમૂલ્ય આધાર સ્વામી... આ શું૦ (૧)
દેવશર્માને પ્રતિબોધવા, મોકલી મને દૂર કર્યો શું, (૨)
વીરજી પ્રાણ આધાર સ્વામી... આ શું૦ (૨)
મૂક્યો અટુલો મને આખરે,ગૌતમ ગૌતમ અમૃતવાણી(૨)
કરશે કોણ પોકાર સ્વામી... આ શું૦ (૩)
કોને ભદંત કહીને વંદુ, તારા વિના પ્રશ્ન કરૂં ક્યાં (૨)
શંકાના હરનાર સ્વામી... આ શું૦ (૪)
શિષ્યો ઘણા છે તારે મુજ સમા, મારા અંતરે તારા પ્રેમનો (૨)
સંધાયો છે તાર સ્વામી... આ શું૦ (૫)
સ્વાર્થી થયા છે મોક્ષ પામવા, પારખ્યું અમે આપનું હૈયું (૨)
તુચ્છ મારો અવતાર સ્વામી... આ શું૦ (૬)
ભાનુ સમાન તમે શોભતા, ભારત શોભા નષ્ટ થઈ છે (૨)
આપ જ સઘળો સાર સ્વામી... આ શું૦ (૭)
મિથ્યાત્વી ઘુવડ સમા ગાજશે, અજ્ઞાન માંહિ ડૂબેલાને (૨)
કાઢશે કોણ બહાર સ્વામી... આ શું૦ (૮)
ચરણે ડશ્યો રે ચંડકોશિયો, સમતા આપી આપે ઉગાર્યો (૨)
મોકલ્યો સ્વર્ગ મોઝાર સ્વામી... આ શું૦ (૯)
ચંદનબાલાની તોડી બેડીઓ, અડદનાં બાકુળા સ્વીકારીને, (૨)

મુક્તિ દિધી નિરધાર સ્વામી... આ શું૦ (૧૦)
મોક્ષે જતા લીધો સ્વામી, ઓછું એમાં થાત શું આપનું (૨)
ભુલી ગયા સહુ પ્યાર સ્વામી... આ શું૦ (૧૧)
છેલ્લી પરે નિરખ્યા નહિ, અહિંઆવીને જોઉં છું ત્યાં તો (૨)
લાગે બધે અંધકાર સ્વામી... આ શું૦ (૧૨)
વીતરાગે કર્યો ચિલને,ક્ષપક શ્રેણિએ આરોહિને (૨)
પામ્યા છે પૂર્ણ પ્રકાશ સ્વામી... આ શું૦ (૧૩)
આ શું બધુ મમતા ભર્યું, તું વીતરાગીને હું છું રાગી, (૨)
સમજ્યો નહિં લગાર સ્વામી... આ શું૦ (૧૪)
ક્ષીણ મોહે ગૌતમ થયા, પ્રાતઃકાળે કેવળજ્ઞાન (૨)
પામ્યા પૂર્ણ પ્રકાશ સ્વામી... આ શું૦ (૧૫)
ઈંદ્રે સ્થાપ્યો રે પ્રભુ સ્થાનમાં, અમૃત જેવી વાણી જેહની (૨)
બોધ પામ્યા નરનાર સ્વામી... આ શું૦ (૧૬)
ગૌતમ સ્મરે જે પ્રભાતમાં, હોંશે પામે મીઠા મેવા (૨)
થાય પછી ભરથાર સ્વામી... આ શું૦ (૧૭)
અમૃતજ્ઞાની ગૌતમમુનિ, હર્ષ ભજે શુભ ભાવે (૨)
ખોલે અંતરના દ્વાર સ્વામી... આ શું૦ (૧૮)

## શ્રી ગૌતમ સ્વામીના વિલાપની સજ્ઝાય

આધાર જ હતો રે, એક મને તાહરો રે, હવે કુણ કરશે સાર;
પ્રીતડી હતી રે, પહેલા ભવતણી રે, તે કેમ વિસરી રેજાય. ૧

મુજને મેલ્યો રે, ટળવળતો ઈહાં રે, નથી કોઈ આંસુ લોવણહાર;
ગૌતમ કહીને કોણ બોલાવશે રે, કુણ કરશે મારી સાર. ૨
અંતરજામી રે, અણઘટતુ કર્યું રે, મુજને મોકલીયો રે ગામ;
અંતકાલે રે હું સમજયો નહિ રે, જે છેહ દેશે મુજને આમ. ૩
ગઈ હવે શોભા રે, ભરતના લોકની રે, હું અજ્ઞાની રહ્યો છું આજ;
કુમતિ મિથ્યાત્વી જેમતેમ બોલશે રે, કુણ રાખશે મોરી લાજ. ૪
વળી શૂલપાણી રે અજ્ઞાની ઘણો રે, દીધું તુજને રે દુઃખ;
કરૂણા આણી તેહની ઉપરે રે, આપ્યું બહોળું રે સુખ. ૫
જે અઈમુત્તો રે બાળક આવીયો રે, રમતો જલશું રે તેહ;
કેવલ આપી આપ સમો કીયો રે, એવડો શો તસ સ્નેહ. ૬
જે તુજ ચરણે આવી ડંસીયો રે, કીધો તુજને ઉપસર્ગ;
સમતા વાળી રે તે ચંડકોશીયે રે, પામ્યો આઠમો સ્વર્ગ. ૭
ચંદનબાળા રે અડદના બાકુલા રે, પડિલાભ્યા તુજ સ્વામ;
તેહને કીધી રે સાહુણીમાં વડી રે, પહોંચાડી શિવધામ. ૮
દિન બ્યાસીના માતાપિતા હુવા રે, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય;
શિવપુર સંગી રે તેહને તેં કર્યા રે, મિથ્યામલ તસધોય. ૯
અર્જુન માળી રે જે ઘોર પાતકી રે, કરતો મનુજનો સંહાર;
તે પાપીને પ્રભુ તમે ઉદ્ધર્યો રે, કરી તેહ સુપસાય. ૧૦
જે જલચારી રે હું તો દેડકો રે, તે તુમ ધ્યાને સુહાય;
સોહમવાસી રે સુરવર કીધો રે, સમકિત કેરે સુપસાય. ૧૧

અધમ ઉદ્ધર્યા રે એહવા તેં ઘણા રે, કહું કેતા તસ નામ;
માહરે તાહરા નામનો આશરો રે, તો મુજ સરસે કામ. ૧૨
હવે મેં જાણ્યું પદ વીતરાગનું રે, જે તેં ન ધર્યો રે રાગ;
રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સવે રે, તે તુજ વાણી મહાભાગ. ૧૩
સંવેગી ક્ષપકશ્રેણીએ ચઢ્યો રે, કરતો ગુણનો જમાવ;
કેવલ પામી લોકાલોકના રે, દીઠા સઘળા રે ભાવ. ૧૪
ઈંદ્રે આવી રે જિનપદે થાપીયો રે, દેશના દીયે અમૃતવાણ;
પર્ષદા બૂઝી રે આતમરંગથી રે, વરીયા શિવપદ સાર. ૧૫


## દિવાળી પર્વની સજ્ઝાય


દિવાળી રઢીયાળી પર્વ સોહામણું, પ્રેમ ધરીને આરાધે
નર નાર જો; મન વચન કાયાની સ્થિરતા કેળવી,
જીવન જ્યોત જગાવે જયજયકારજો. ... ૧
સુરપતિ નરપતિ સેવિત તીર્થપતિ પ્રભુ, સિદ્ધારથ
ત્રિશલાદેવીના નંદ જો; ચોમાસુ છેલ્લું કરવાને પધારીયા,
પાવાપુરીમાં ઘરઘર વર્ત્યો આનંદ જો. ... ૨
ચૌદશ દિવાળીનો છઠ્ઠ તપ આદરી,પર્યંકાસન બેસી
શ્રી ભગવાન જો; સોલ પહોર સુધી આપે મધુરી દેશના,
સમવસરણમાં કરવા જગ કલ્યાણ જો.... ૩
પંચાવન અધ્યયન પુણ્ય વિપાકના, પંચાવન પાપનો
ફલ વિસ્તાર જો; વિણ પૂછયા છત્રીશ સવાલો દાખવે,
ઉપદેશે આગમનિગમનો સાર જો. ... ૪

દિવાળીની રાત્રે છેલ્લા પહોરમાં, સ્વાતિ ચંદ્ર વર્ધમાન
ભગવાન જો; નાગ કરણમાં સ્વાર્થસિદ્ધ મુહૂર્તમાં,
કર્મો તોડી પામ્યા પદનિર્વાણ જો. ... ૫
મલ્લકી નવ નવ લચ્છવી ગણનાં રાજવી, આહારપૌષધ
લઈ સાંભળે ધર્મ રસાળ જો; ભાવ ઉદ્યોત ગયો ને
અંધારૂં થયું, એમ એ જાણી પ્રગટાવે દીપમાળ જો... ૬
પડવે પ્રાતઃકાળે ગૌતમ સ્વામીને, પ્રગટ્યું કેવલ તે એ
પર્વ પ્રધાન જો; બીજે જમાડ્યાં બહેને નંદીરાયને,
ભાઈબીજનું પર્વ થયું એ પ્રમાણ જો. ... ૭
ત્યારથી પર્વ દિવાળી પ્રગટ્યું વિશ્વમાં, વીર સંભારણું
સ્થિર બન્યુ જગમાંય જો; લોકલોકાત્તરમાં છે પર્વ એ
મોટકું, ઉજવતાં નરનારી સૌ હરખાય જો. ... ૮
ધર્મી જીવ દિવાળીનો છઠ ઉચ્ચરે, દિવાળીનો પોષહ
કરે બહુમાન જો; વીરપ્રભુને વંદન પૂજન જાપથી,
ભક્તિભાવે આરાધે એકતાન જો. ... ૯
શ્રી મહાવીર સર્વજ્ઞ પારંગત પ્રભુ, ગૌતમ સ્વામી
સર્વજ્ઞાયનો કરે જાપ જો; ૐ ર્હ્રીં શ્રીં પ્રારંભે ને અંતે
નમઃ માળા વીસ એ કાપે સઘળાં દુઃખ જો. ... ૧૦
દિવાળીમાં સૂધો તપ જપ જઠ્ઠે કરે; લાખ ક્રોડ ફળ પામે
તે ઉજમાળ જો; નવલે વર્ષે ઉત્સવ રંગ વધામણાં.
**પદ્મવિજય** કહે ઘરઘર મંગળ માળ જો. ... ૧૧

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.
તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.




# શુભેચ્છક

પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ. સા.
(સંસારીપક્ષે સુપુત્ર) ની પ્રેરણાથી



સરિયદ નિવાસી
રમણીકલાલ જે. ભોટાણી



સરિયદ નિવાસી
લીલાબેન રમણીકલાલ ભોટાણી

: સુપુત્રો :

પ્રવિણકુમાર, સુરેશકુમાર, બિપીનકુમાર